# ચોલામંડલમ્ ઈન્વેસ્ટમેન્ટનો ચોખ્ખો નફો 43 ટકા ઊછળીને ₹305 કરોડ

**મુંબઈઃ** ચોલામંડલમ્ ઈન્વેસ્ટમેન્ટે સપ્ટેમ્બર ૨૦૧૮ના અંતે પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે ૪૩ ટકાના ઉછાળા સાથે ₹૩૦૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે કંપનીએ ₹૨૦૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઈ ફાઈલિંગમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના ગાળા માટે કંપનીની કુલ આવક ૨૪ ટકા વધીને ₹૧,૬૭૬ કરોડ નોંધાઈ હતી જે એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે ₹૧,૩૫૦ કરોડ હતી તેમ કંપનીએ જણાવ્યું હતું. બુધવારે બીએસઈ પર કંપનીનો શેર ૧.૮૩ ટકા વધીને ₹૧,૨૬૮.૮૦ બંધ નોંધાયો હતો.